**પ્રાથમિક શિક્ષકોની બદલીઓ**
**અંગેની સૂચનાઓ**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૨૦૦૦-૮૦૭-ક
સચિવાલય ગાંધીનગર
તા.૨૭-૭-૨૦૦૦

સંદર્ભ

(૧) શિક્ષણ વિભાગનો તા. ૮-૪-૯૯ નો ઠ. ક. પીટીઆર-૧૧૯૭-સીએમ૨૯૨૫-ક

## ઠ રા વ

રાજ્યમાં જિલ્લા પંચાયત હસ્તકની જિલ્લા શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓનાં શિક્ષકોની બદલીઓ અંગેની કાર્યપધ્ધતિ સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી નિયત કરવામાં આવેલી છે. આ નિયત પધ્ધતિને વધુ સરળ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

૧. સંદર્ભ (૧)ના ઠરાવના નિયમ-૬ ને બદલે નીચે પ્રમાણે જોગવાઇ કરવામાં આવે છે.

નિયમ-૬

પ્રાથમિક શિક્ષકની બદલીમાં નીચેની વિગતે પાંચ વર્ષના બાધ સિવાય નીચેના કિસ્સામાં અગ્રતા આપવાની રહેશે.

ક. વિધવા શિક્ષિકા

ખ. અપંગ શિક્ષક/શિક્ષિકા (સીત્તેર ટકા કે તેથી વધુ અપંગતાનું પ્રમાણપત્ર ધરાવતા શિક્ષકોને જ અગ્રતાનો લાભ આપવાનો રહેશે.)

ગ. પ્રાથમિક શિક્ષક દંપતિ

ઘ. રાજ્યના સરકારી કર્મચારી દંપતિ (માત્ર બિન બદલી પાત્ર સરકારી કર્મચારીને અગ્રતાનો લાભ મળવા પાત્ર થશે.)

નોંધ-૧. ઉપરની અગ્રતાનો લાભ સમગ્ર નોકરી દરમ્યાન એક જ વાર મળવાપાત્ર થશે.

૨. જો પતિ કે પત્ની વિધ્યાસહાયક હોય તો પણ પ્રાથમિક શિક્ષકને અગ્રતા આપવાની થશે.

૩. વિધ્યાસહાયક / શિક્ષક દંપતિએ, દંપતિ હોવા અંગે લગ્ન નોંધણી પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે.

૪. જિલ્લા બહારના દંપતિના કિસ્સામાં બદલી વિધ્યાસહાયકની નહિ, પરંતુ પ્રાથમિક શિક્ષકની જ કરવાની રહેશે.

૨. સંદર્ભ (૧)ના ઠરાવના નિયમ-૭ માં નીચે પ્રમાણની જોગવાઇ દાખલ કરવામાં આવે છે.

નિયમ-૭ (અ)

ઋષિ (વાલ્મિકી) શિક્ષકોને ગામે મકાન મળે તેમ ન હોય ત્યારે તેમની આ પ્રકારની માંગણી આવ્યેથી જે તે તાલુકામાં જ્યાં તેમને મકાનની સગવડ થઇ શકે અને ખાલી જગ્યા હોય ત્યાં કેમ્પ સિવાય બદલી શકાશે.

૩. સંદર્ભ (૧)ના ઠરાવના નિયમ-૧૧-અ માં નીચે પ્રમાણે જોગવાઇ દાખલ કરવામાં આવે છે.

નિયમ ૧૧ (અ)

એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે નિવૃત્તિ નજીક કોઇ શિક્ષક ધ્વારા વતનનો લાભ માંગવામાં આવે ત્યારે તે સ્થળે જગ્યા ખાલી હોય અથવા એક સ્થળે પંદર વર્ષ રહેલ હોય તેવા શિક્ષક બદલી ઇચ્છતા હોય તો તેમને તે જગ્યાએ બદલી માટે અગ્રતા મળશે પંદર વર્ષવાળા શિક્ષકોને ફરજીયાત બદલવાના નથી.

૪. સંદર્ભ (૧)ના ઠરાવના નિયમ-૧૬ની જોગવાઇમાં નીચે પ્રમાણે જોગવાઇ કરવામાં આવે છે.

નિયમ-૧૬

સદર નિયમમાં "શિક્ષકોની અરજીઓની" ને બદલે "શિક્ષકોની માંગણીઓની અરજી" એ મુજબ શબ્દો વંચાણે લેવાના રહેશે.

૫. સંદર્ભ (૧)ના ઠરાવના નિયમ-૧૮ ને બદલે નીચે પ્રમાણે જોગવાઇ કરવામાં આવે છે.

નિયમ-૧૮

પતિ-પત્ની ભેગા થવા માટે કોઇ એક ગામમાં બદલીની માંગણી કરે અને નિયત ધારાધોરણ મુજબ બદલી થઇ શકે તેમ ન હોય તો તે પે સેન્ટરની અન્ય ખાલી જગ્યા વાળા ગામમાં બંનેને સાથે મુકવા આ અંગેનો વિકલ્પ અરજી સાથે મેળવવાનો રહેશે. આવી નિમણૂક માટે કેમ્પની રાહ જોવાની નથી.

૬. સંદર્ભ (૧)ના ઠરાવના નિયમ-૨૧ ને બદલે નીચે પ્રમાણે જોગવાઇ કરવામાં આવે છે.

નિયમ-૨૧

જિલ્લામાં, તાલુકાફેર અરસ પરસ બદલી માટે જિલ્લા ફેરની અરસ પરસ બદલીની સૂચનાઓ લાગુ પડશે અને તાલુકા અરસ પરસ બદલીનો લાભ સેવાકાળ દરમ્યાન માત્ર એક જ વાર મળશે.અરસ પરસ બદલી માટે પાંચ વર્ષની જોગવાઇનો બાધ નડશે નહિ. શહેર/જિલ્લા/તાલુકા ત્રણેય પ્રકારની અરસ પરસ બદલી માટે પાંચ વર્ષની જોગવાઇનો બાધ નડશે નહિ. પરંતુ નિવૃત્તિના પાંચ કે ઓછો સમય બાકી હોય તો અરસ પરસનો લાભ મળશે નહિ.

૭. સંદર્ભ (૧)ના ઠરાવના નિયમ-૨૩ (બ) ને બદલે નીચે પ્રમાણે જોગવાઇ કરવામાં આવે છે.

નિયમ-૨૩(બ)

શિક્ષક-શિક્ષિકા પતિ પત્ની તથા તેમના સંતાનો અને માતા પિતા નીચે જણાવેલ અસાધ્ય અને ગંભીર રોગોથી પીડાતા હોય ત્યારે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કરેથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જગ્યા ખાલી હોય તો બદલી કરી શકશે. જેમાં પાંચ વર્ષની નોકરીનો બાધ નડશે નહિ.

<u>અસાધ્ય રોગો</u>

૧. કેન્સર

૨. હૃદય રોગ જેમાં બાય પાસ સર્જરી અને હૃદયના વાલ્વની બિમારીનો સમાવેશ થશે

૩. મૂત્રપિંડ બિમારીની ગંભીર સમસ્યા

નોંધ-સિવિલ સર્જનના તબિબિ પ્રમાણપત્ર ઉપરાંત લીધેલ રજાઓ, દવાઓના બીલો રજૂ કરે તેની યોગ્ય ચકાસણી કર્યા બાદ મંજૂરી આપવાની રહેશે.

૩

૮. સંદર્ભ (૧)ના ઠરાવના નિયમ-૨૫ માં  નીચે પ્રમાણે જોગવાઇ દાખલ કરવામાં આવે છે.

નિયમ-૨૫(અ)

જિલ્લા ફેરબદલીઓમાં નીચેની વિગતે પાંચ વર્ષના બાધ સિવાય અગ્રતા આપવાની રહેશે.

ક. વિધવા શિક્ષિકા

ખ અપંગ શિક્ષક/શિક્ષિકા (માત્ર સીત્તેર ટકા કે તેથી વધુ અપંગતાનું પ્રમાણપત્ર ધરાવતા શિક્ષકોને અગ્રતાનો લાભ મળવાપાત્ર થશે.)

ગ પ્રાથમિક શિક્ષક દંપતિ

ઘ. રાજયના સરકારી કર્મચારી દંપતિ (માત્ર બિન બદલી પાત્ર સરકારી કર્મચારીઓને અગ્રતાનો લાભ મળવાપાત્ર થશે.)

સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી કરવામાં આવેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એ એ નાગોરી )
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ

માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન, મંત્રીશ્રી શિક્ષણ અને રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજય, ગાંધીનગર.
**તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી**
**તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**સર્વે. શાસનાધિકારીશ્રી, નગર પંચાયત મહાનગર પાલિકા, નગર પાલિકા.**
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
શિક્ષણ વિભાગની સર્વે શાખા / સિલેકટ ફાઇલ.